ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી
(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),
"સમૃધ્ધિ", ૪થો માળ, મક્કાઈ પુલ, નાનપુરા, સુરત – ૩૯૫ ૦૦૧
SGCCI
ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેકસ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦
E-mail : info@sgcci.in Website : www.sgcci.in

રેફ નં. તા: ૪/૧૨/૨૦૧૯

તંત્રીશ્રી, ______________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.
આપનો વિશ્વાસુ,

(ખાતાકીય વડા)

---

# 'યુરોપમાં ઉચ્ચ શિક્ષણાર્થે સહયોગ અને ભાગીદારીની તકો' વિશે ચેમ્બરમાં ઈન્ટરેકટીવ સેશન યોજાયુ

સુરત : ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા બુધવારે, તા. ૪ ડિસેમ્બર ૨૦૧૯ના રોજ સાંજે ૫:૦૦ કલાકે સમૃદ્ધિ બિલ્ડીંગ, નાનપુરા, સુરત ખાતે 'યુરોપમાં ઉચ્ચ શિક્ષણાર્થે સહયોગ અને ભાગીદારીની તકો' વિશે ઇન્ટરેકટીવ સેશનનું આયોજન કરવામાં આવ્યુ હતુ. જેમાં સ્પેનની કાર્તાહેના પોલીટેકનીક યુનિવર્સિટીના રેકટર સેનોર દોન એલેજાન્ડ્રો ડીયાઝ મોરકીલો અને વાઇસ રેકટર સેનોર દોન જોસ મેન્યુઅલ ફરાન્ડીઝ વિસેન્ટે દ્વારા એન્જીનિયરીંગ, આર્કીટેકચર અને બિઝનેસ મેનેજમેન્ટના વિદ્યાર્થીઓ માટે સ્પેનમાં ઉચ્ચ શિક્ષણની રહેલી તકો વિશે મહત્વનું માર્ગદર્શન આપવામાં આવ્યુ હતુ.

ચેમ્બરના ઉપપ્રમુખ શ્રી દિનેશ નાવડીયાએ આ સેશનમાં સર્વેને આવકાર્યા હતા અને પ્રારંભિક ઉદ્‌બોધનમાં જણાવ્યુ હતુ કે, ભારતના વિદ્યાર્થીઓને યુરોપના સ્પેન સહિતના વિવિધ દેશોમાં ઉચ્ચ શિક્ષણ માટે ઘણી સુવિધાઓ આપવામાં આવે છે. એના માટે બે દેશોની યુનિવર્સિટીઓ વચ્ચે સ્ટુડન્ટ અને ફેકલ્ટી એક્ષ્ચેન્જ સ્કીમો ચાલતી હોય છે. આ યુનિવર્સિટીઓમાં નવા સંશોધનો માટે પણ પોઝીટીવ રિસ્પોન્સ આપવામાં આવે છે.

ચેમ્બરના ભુતપુર્વ પ્રમુખ શ્રી રોહિત મહેતાએ કાર્યક્રમની રૂપરેખા આપી હતી. જયારે મુળ સુરતી તેમજ સ્પેનમાં પોલિટેકનીક યુનિવર્સિટીની સાથે સંકળાયેલા શ્રી મહેન્દ્ર મિસ્ત્રીએ તેમની યુનિવર્સિટીમાં ચાલતા વિવિધ અભ્યાસક્રમ અંગે માહિતીસભર પ્રેઝન્ટેશન રજૂ કર્યુ હતુ.

કાર્તાહેના પોલીટેકનીક યુનિવર્સિટીના રેકટર સેનોર દોન એલેજાન્ડ્રો ડીયાઝ મોરકીલોએ જણાવ્યુ હતુ કે, સ્પેનમાં ચાર પોલીટેકનીક યુનિવર્સિટી આવેલી છે. જેમાંથી એક તેમની કાર્તાહેના પોલીટેકનીક યુનિવર્સિટીમાં આર્કીટેકચર, બિઝનેસ મેનેજમેન્ટ અને એન્જીનિયરીગ ક્ષેત્રે ડીગ્રી, માસ્ટર કોર્ષ અને પીએચડી કરાવવામાં આવે છે. તેમના ત્યાં વિદ્યાર્થીઓને ચાર વર્ષનો ડીગ્રી કોર્ષ અને બે વર્ષનો માસ્ટર કોર્ષ કરાવવામાં આવે છે. આ ઉપરાંત તેમના ત્યાં લો અને ટીચીગમાં માસ્ટર ડીગ્રી તેમજ કોમર્શિયલ આર્કીટેકચર અને શોર્ટ ટર્મ પ્રોગ્રામ ચાલે છે. વીસ વર્ષ જૂની તેમની યુનિવર્સિટીમાં હાલ સાત હજારથી વધુ વિદ્યાર્થીઓ તેમના ત્યાં ઉચ્ચ શિક્ષણ મેળવે છે. વિદ્યાર્થીઓ ઉચ્ચ શિક્ષણનો લાભ લઇને યુરોપમાં સારી કારકિર્દી બનાવી શકે છે.

વાઇસ રેકટર સેનોર દોન જોસ મેન્યુઅલ ફરાન્ડીઝ વિસેન્ટે જણાવ્યુ હતુ કે, વૈશ્વિક સ્તરે શૈક્ષણિક ક્ષેત્રે બદલાવ લાવવા માટે તેમની યુનિવર્સિટીએ યુરોપિયન યુનિયનમાંથી ફંડ લાવવાની વ્યવસ્થા ઉભી કરી છે. તેમની યુનિવર્સિટીએ ભારતની પાંચ અને નેપાલની બે યુનિવર્સિટી સાથે મળીને શૈક્ષણિક સંગઠન બનાવેલું છે. તેમણે વધુમાં કહયુ કે, છેલ્લાં પાંચ વર્ષમાં સુરતની સ્કેટ કોલેજ અને વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી તેમજ દક્ષિણ ગુજરાતની અન્ય કેટલીક યુનિવર્સિટીઓ સાથે સ્ટડી ટૂરની એકટીવિટી વધી છે. વર્ષ ૨૦૧૫માં સુરતની વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના વિદ્યાર્થીઓએ છ મહિના માટે તેમની યુનિવર્સિટીમાં ઉચ્ચ શિક્ષણ અને ઇન્ટર્નશિપ મેળવી હતી.

ચેમ્બરની એકેડેમિક કોર્સિસ એન્ડ લાયબ્રેરી કમિટીના ચેરમેન શ્રી અજિત શાહે સમગ્ર સેશનમાં પ્રાસંગિક કરી હતી. સુરત સહિત દક્ષિણ ગુજરાતની વિવિધ યુનિવર્સિટીઓમાંથી ઉપસ્થિત વિદ્યાર્થીઓના સવાલોના રેકટર અને વાઇસ રેકટરે સંતોષકારક જવાબ આપ્યા હતા. સેશનના અંતે ચેમ્બરના માનદ્ ખજાનચી શ્રી શૈલેષ દેસાઇએ સર્વેનો આભાર માન્યો હતો અને ત્યારબાદ સેશનનું સમાપન થયુ હતુ.